# FLASH BACK



- સુરતમાં સરસ્વતીના ધામમાં નોનવેજ પાર્ટી થતાં ઇનચાર્જ આચાર્ય સસ્પેન્ડ
- વેડ રોડની યુવતી પર બીજેપી વોર્ડ નં.8ના મંત્રીનો ગેંગરેપ
- ફરિયાદ આપતા બંને આરોપીને પોલીસે ઝડપી પાડ્યા હતા.
- સુરત ડાયમંડ બુર્સના CEO મહેશ ગઢવીનું રાજીનામું
- કિરણ હોસ્પિટલની નર્સનો એનેસ્થેસિયાનો ઓવરડોઝ લઇ આપઘાત
- જીવરાજ ધારુકાવાળાની સુરત-મુંબઈની સંપત્તિની હરાજી
- પૂણામાં પતિને બંધક બનાવી પત્ની સાથે ગેંગરેપ
- આમ આદમી પાર્ટીમાંથી સસ્પેન્ડ કરાયેલા કોર્પોરેટર રાજેશ મોરડિયા સામે એસીબીમાં ગુનો નોંધાયો



- કાપોદ્રાની કંપનીમાંથી 32.53 કરોડના હીરાની ચોરી, પિતા-પુત્રની જ સંડોવણી
- જ્વેલર્સમાં લૂંટ સાથે સંચાલકની ગોળી મારી હત્યા

## ગોડાદરાની રાજ ટેક્સટાઇલ માર્કેટમાં ભીષણ આગમાં કરોડોનું નુકસાન



ગોડાદરા વિસ્તારમાં આવેલી રાજ ટેક્સટાઇલ માર્કેટમાં સવારે સાત વાગ્યે આગ લાગ હતી. ગણતરીની મિનીટોમાં જ આગે ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. વહેલી સવારે આગ લાગી હોવાથી જાનહાનિ ટળી હતી પરંતુ અનેક દુકાનો આગની લપેટમાં આવી ગઇ હોવાથી 25 કરોડથી વધુનું નુકસાન થયું હતું. આગને કાબૂમાં લેવા માટે 25 લાખ લીટર પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો.

## જીએસઆરટીસી મેગા ટાવરના બેઝનું કામ પૂર્ણ

મુસાફરો માટે એરપોર્ટ જેવી હાઇટેક સુવિધા સાથે બની રહેલા જીએસઆરટીસી મેગા ટાવરના બેઝનું કામ પૂર્ણ થઇ ગયું છે. સુરતને વન કનેક્ટ સિટી બનાવવા માટેની તૈયારી માટે આ પ્રોજેક્ટ ખૂબ જ મહત્વનો ગણવામાં આવે છે.





## ભારતના પોલિશ્ડ હીરાની નિકાસમાં 17%નો મોટો ઘટાડો

જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC)ના જણાવ્યા અનુસાર, માર્ચ 2025માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં ભારતની પોલિશ્ડ નિકાસ લગભગ 17 ટકા ઘટીને $13.29 બિલિયન થઈ ગઈ છે. તે બે દાયકામાં સૌથી નીચા વાર્ષિક નિકાસ આંકડાઓમાંનો એક છે.



### ટેરિફના કારણે સુરતના હીરાઉદ્યોગ પર માઠી અસર

9મી જૂન 2025થી અમેરિકન ટેરિફની રાહત પૂર્ણ થવાની હોય સુરતની મોટી ડાયમંડ કંપનીઓએ માત્ર 55 દિવસમાં જ અમેરિકામાં 37 હજાર કરોડના ડાયમંડ અને જ્વેલરીની નિકાસ કરવામાં આવી છે. અમેરિકા દ્વારા ડાયમંડ પર 26 ટકા અને જ્વેલરી પર 36થી 40 ટકા સુધી રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરતાં જ સુરતની કંપનીઓમાં ઓછા ટેરિફનો લાભ લેવા પ્રયાસોમાં લાગી ગઈ હતી.

## સુરતમાં ખાડીપૂર, 1.50 લાખ અસરગ્રસ્ત, તંત્ર સામે ફિટકાર

સુરત જિલ્લાના બારડોલી, કામરેજ, પલસાણામાં પડેલા ભારે વરસાદના કારણે સુરતની ખાડીઓમાં પૂર આવ્યા હતા. એકબાજુ વરસાદ તો બીજી તરફ દરિયામાં ભરીતના કારણ મીઠી ખાડી સહિતની ખાડીઓ ઓવરફ્લો થતાં નજીકના વિસ્તારોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. પૂરની સ્થિતિ સર્જાતા દોઢ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત થયા હતા. સણિયા હેમાદમાં સતત દિવસો સુધી 15 ફૂટ પાણી ભરાયેલા રહ્યા હતા.



## સુરતમાં જૂન માસમાં 141 વર્ષનો રેકોર્ડ તૂટ્યો, એક જ દિવસે 13.92 ઈંચ વરસાદ

ચોમાસાના પ્રારંભમાં જ સુરતમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા એક જ દિવસમાં 13.92 ઈંચ વરસાદ ખાબકતા જૂન માસમાં 141 વર્ષનો રેકોર્ડ તૂટ્યો હતો. બારે મેઘ ખાંગા જેવી સ્થિતિમાં આખું સુરત જળબંબાકાર થઈ ગયું ગતું. સુરતના તમામ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. અનેક સોસાયટી બેટ બની ગઈ હતી, ઘરોમાં, બેઝમેન્ટની દુકાનોમાં પાણી ફરી વળ્યા હતા. મોટાભાગના વિસ્તારોમાં વાહનો ડૂબી જતાં લાખોનું નુકસાન થયું હતું જ્યારે ભારે વરસાદને પગલે સ્કૂલોમાં રજા જાહેર કરવી પડી હતી. ભારે વરસાદના કારણે વિમાન, ટ્રેન, બસ સહિતની પરિવહન સુવિધાને ભારે અસર પહોંચી હતી. અનેક વિસ્તારોમાં ફસાયેલા લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

# શિવશક્તિ માર્કેટમાં લાગેલી આગમાં 50થી 60 લોકો ફસાયા, એકનું મોત




માર્કેટમાં આગ, માર્કેટમાં આગ-1
સુરત: સુરતના રિંગ રોડ ખાતે અભિષેક માર્કેટની સામે શિવશક્તિ માર્કેટના બેઝમેન્ટમાં મંગળવારે બપોરે એકાએક આગ ભભૂકી ઊઠી હતી. આ બનાવમાં 30 કરતાં વધુ દુકાનો બળીને ખાખ થઈ ગઈ હતી. આગને કારણે 50થી 60 લોકો ફસાઈ ગયા હતા. આ બનાવમાં એકનું મોત થયું હતું. આગને કારણે પાર્કિંગમાં મૂકેલી ગાડીઓ લેવા માટે દોડાદોડી જોવા મળી હતી.



## શૈલેષ કળથિયાના અંતિમદર્શન માટે એરપોર્ટ પર લોકો લાઇનમાં ઊભા રહ્યા

જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આવેલા પર્યટનસ્થળ પહલગામ ખાતે ગઈકાલે થયેલા આતંકી હુમલામાં મોતને ભેટેલા સુરતના શૈલેષ કળથીયાનો મૃતદેહ આજે મોડી રાત્રે સુરત લાવવામાં આવ્યો હતો.



## હજીરાની એએમ/એનએસ કંપનીમાં આગ, 4નાં મોત

સુરતના હજીરાની એએમ/એનએસ ઇન્ડિયા કંપનીના સ્ટીલ પરિસરમાં આવેલા કોરેક્સ પ્લાન્ટમાં 31મીએ સાંજે આગ લાગતાં 4 કર્મચારી ઘટના સ્થળે જ ભડથું થઈ ગયા હતા. તથા એક કર્મચારી ગંભીર રીતે દાઝી જતાં કંપનીની ઇનહાઉસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવમાં વ્યારાના ધવલકુમાર પટેલ, સેગાવ બુલધાનાના ગણેશ પટેલ, અડાજણના લિફ્ટ ઓપરેટર જિજ્ઞેશ પારેખ, સુરતના સંદીપ પટેલનાં મોત થયાં હતાં.

## સુરત એરપોર્ટના CISF PSIએ સર્વિસ રિવોલ્વરથી ગોળી મારી આત્મહત્યા કરી



સુરત એરપોર્ટ પર ફરજ બજાવતા સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ)ના પીએસઆઈએ શનિવારે બપોરે સર્વિસ રિવોલ્વરથી ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. મૃતક કિશનસિંગ મલસિંગ કનવર (ઉ.વ.32) જયપુરના વતની હતા.



## 21 સુરતનો વિયરકમ કોઝવે 146 દિવસ બંધ રહ્યો

સુરતનો વિયર કમ કોઝવે પહેલી વખત 23 જૂનના રોજ બંધ કરવામાં આવ્યો હતો જ્યારે 21 નવેમ્બરે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આમ કુલ 146 દિવસ સુધીતે બંધ રહ્યો હતો. 5 વર્ષના રેકોર્ડની તપાસ કરીએ 2025માં તેને લાંબો સમય બંધ રાખવામાં આવ્યો હતો.

## સુરતના રત્નકલાકારોનાં બાળકોના અભ્યાસ માટે સરકારનું સહાય પેકેજ

હીરા ઉદ્યોગમાં આવેલી મંદીના પગલે રત્નકલાકારોનું હાલત સૌથી ખરાબ થઈ હતી. જે અંગે અનેક રજૂઆતો બાદ રાજ્ય સરકારે સહાય પેકેજ જાહેર કર્યું હતું. રત્નકલાકારોના બાળકોને અભ્યાસમાં અગવડ ન પડે તે માટે શાળા ફીના 100 ટકા, બાળક દીઠ મહત્તમ રૂ.13,500ની મર્યાદામાં સહાય આપવાની જાહેરાત કરી હતી. હીરા ઉદ્યોગ માટે ઓછા દરની લોનની પણ જાહેરાત કરવામાં આવી હતી.

## રાજ્યના સૌથી મોટા 1455 કરોડના સાયબર ફ્રોડનો સુરતમાં પર્દાફાશ



ઉધનામાં વાહન ચેકિંગમાં બે આરોપી પકડાયા બદ તપાસમાં આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ રેકેટ બહાર આવ્યું હતું. મોટા સાયબર ફ્રોડ કેસમાં બેંક એકાઉન્ટ ખોલી સાયબર ફ્રોડના ટ્રાન્જેક્શન કરાતા હતા. અને આ બેંક ખાતા સુરતમાંથી ખોલવામાં આવ્યા હતા. જરૂરિયાતવાળા વ્યક્તિઓને શોધી ખોલાતા ખાતાનું વાયા ટેલિગ્રામથી સિંગાપોર મલેશિયા ક્યુબા અને થાઈલેન્ડના ઈન્ટરનેશનલ માફિયાઓ દ્વારા હેન્ડલિંગ કરાતું હતું. આ પેટે કરોડો રૂપિયા બેંક ખાતાના કમિશન પેટે આપવામાં આવતા હતા. જેમાં કુલ 1455 કરોડના ટ્રાન્જેક્શન થયા હતા અને દેશભરમાંથી 2500 પોલીસ ફરિયાદ થઈ હતી.

## બે પુત્રને ઝેર ખવડાવી મોતને ઘાટ ઉતારી પીટી શિક્ષકનો આપઘાત



જિલ્લા પંચાયત ક્વાટર્સમાં રહેતા પીટી શિક્ષક અલ્પેશભાઈ સોલંકીએ પોતાના બે વ્હાલસોયા પુત્રો ક્રીશીવ (ઉ.વ.8) અને કર્નિશ (ઉ.વ.2)ને સોફ્ટ ડ્રિંકમાં ઝેરી દવા આપી, મોતને ઘાટ ઉતારી ફાંસો ખાઈ લીધો. શિક્ષકના પત્ની જિલ્લા પંચાયતના શિક્ષણ વિભાગમાં ક્લાર્ક. તપાસમાં પત્નીના આડા સંબંધોને કારણે પતિએ અંતિમ પગલું ભર્યાનો ઘટસ્ફોટ.

## ઉધનામાં પરપ્રાંતિય યુવાને સાળા અને સાળીની હત્યા કરી

ઉધનાના પટેલનગરમાં પરપ્રાંતિય યુવાને સાળી અને સાળાની ઘાતકી હત્યા કરી નાંખી હતી. પત્નીની નાની બહેન સાથે લગ્ન કરવાની જીદના કારણે આ ઘટના બની હતી. આ ઘટનામાં સાસુને પણ ચપ્પુના ઘા વાગ્યા હતાં.



## પુણા ગામમાંથી 11 વર્ષના વિદ્યાર્થીને લઈને ભાગેલી ટ્યુશન શિક્ષિકા ઝડપાઈ



23 વર્ષની ટ્યુશન શિક્ષિકા 11 વર્ષના વિદ્યાર્થીને ભગાડી જવાની ચકચારી ઘટનામાં પોલીસે સગીરા સાથે શિક્ષિકાને શામળાજી બોર્ડર પરથી ઝડપી પાડી હતી. સુરતથી ભાગ્યા બાદ દિલ્હી અને જયપુર ફરી અમદાવાદ જઈ રહી હતી. વિદ્યાર્થી એક વર્ષથી એકલો જ શિક્ષિકા પાસે ટ્યુશન લેવા જતો હતો અને ઠપકો મળતા એકબીજાની સહાનુભૂતિ મેળવવા ભાગી ગયા હતા. શિક્ષિકા દ્વારા 13 વર્ષના વિદ્યાર્થીને ભગાડી જવાની ઘટનામાં મડિકલ રિપોર્ટમાં શિક્ષિકા પાંચ મહિનાની ગર્ભવતી હોવાનું ઘટસ્ફોટ થયો હતો. શિક્ષિકા વિદ્યાર્થી સાથે જયપુરમાં સંસાર માંડવા ઈચ્છતી હતી. છેલ્લા એક વર્ષથી શારીરિક સંબંધ હતા. સપ્તાહમાં બેથી ચાર વખત વિદ્યાર્થી સાથે સંબંધ બાંધતી હતી. ગર્ભવતી થયેલી ટ્યુશન શિક્ષિકાએ કોર્ટમાં ગર્ભપાતની અરજી કરી હતી. ગાયનેક વિભાગના ડોક્ટરે આપેલા રિપોર્ટમાં શિક્ષિકા 22 સપ્તાહ અને 3 દિવસનો ગર્ભ ધરાવતી હોવાનું જણાવ્યું હતું અને સાથે શિક્ષિકાના મૃત્યુના જોખમનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ સાથે કોર્ટે ગર્ભપાતની મંજૂરી આપી હતી. તબિયત સારી થતાં જેલમાં મોકલવા સૂચના આપી હતી.



## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અંત્રોલી ખાતે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની વિઝિટ કરી

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુરત નજીકના અંત્રોલી ખાતે આકાર પામી રહેલા બુલેટટ્રેન પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું હતું. તેઓ અંદાજે અડધો કલાક સુધી રોકાયા હતા અને પ્રોજેક્ટ સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે વાતચીત કરી પ્રોજેક્ટ અંગેના તેમના અનુભવ જાણ્યા હતાં.

## સુરતમાં પિંકબસને મળી ગઇ મહિલા ચાલક

સુરત મહાનગરપાલિકાને બે વર્ષ પછી બીઆરટીએસની પિંક બસમાં મહિલા પાઇલટ મળી છે. આ બસમાં મહિલાઓ જ મુસાફરી કરે છે, પરંતુ એ માટે મહિલા પાઇલટ મળતી ન હતી. આખરે બસનું સંચાલન કરતી કંપનીને મહિલા બસ પાઇલટ મળી ગઇ હતી. આ મહિલા બસ પાઇલટનું નામ નિશા શર્મા છે અને તે ઇન્દોરની રહેવાસી છે. એક અઠવાડિયાથી સુરતમાં બસ પાઇલટ તરીકે ટ્રેનિંગ લેતી હતી. આમ તે ગુજરાતની પહેલી પિંક બસની પહેલી ડ્રાઇવર બની છે.



## કોર્ટે સુરતના તરુણ અને બાળકીની દીક્ષા અટકાવી



સુરત શહેરમાં ચર્ચાસ્પદ બનેલી સાત વર્ષની બાળકીની દીક્ષાનો મામલો હવે ફરી એકાએક ગરમાયો છે. અત્યાર સુધી એવું માનવામાં આવતું હતું કે, પિતાની કોર્ટમાં કરાયેલી અરજીને પગલે દીક્ષા પ્રક્રિયા અટકી છે, પરંતુ હવે આ કેસમાં માતાના પક્ષે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. માતાના વકીલ કેતન રેશમવાલાએ સ્પષ્ટ કર્યું છે કે માતાએ પોતે જ દીકરીના ભવિષ્યને ધ્યાનમાં રાખીને એફિડેવિટ કર્યું છે.

## કોસાડમાંથી નકલી ઘી પકડાયું, સુરભી ડેરીમાંથી નકલી પનીર, જ્યારે અન્ય ડેરીમાંથી નકલી માખણ પકડાયું



સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે કોસાડ વિસ્તારમાંથી 1.20 કરોડનું નકલી ઘી ઝડપી પાડ્યું હતું. કુલ ચાર ફેક્ટરી અને ગોડાઉન પર કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસમાં ઘીમાં દૂધ નહીં માત્ર કેમિકલનો જ ઉપયોગ કરાતો હોવાનું બહાર આવ્યું હતું. તો બીજી તરફ સુરતના અડાજણ વિસ્તારમાં આવેલી સુરભી ડેરી પર પોલીસે દરોડો પાડ્યો હતો અને સબસ્ટાન્ડર્ડ પનીર ઝડપી પાડ્યું હતું. તેવી જ રીતે વરાછા વિસ્તારમાં આવેલી બે ડેરીઓમાંથી નકલી માખણ પણ પકડી પાડવામાં આવ્યું હતું એટલુ જ નહીં પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરનારા સામે ગુનો પણ દાખલ કરવાની શરુઆત કરવામાં આવી હતી.

## માતાએ જ કોર્ટમાં એફિડેવિટ કરી દીક્ષા અટકાવી

આ કેસમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે જાણવા મળ્યું કે, બાળકીની માતાએ પોતે જ કોર્ટમાં એક સોગંદનામું રજૂ કર્યું છે. આ એફિડેવિટમાં માતાએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે તે અત્યારે પોતાની સાત વર્ષની દીકરીને દીક્ષા આપવા માંગતી નથી. આમ, દીક્ષા રોકાવા પાછળ કોઈ કાયદાકીય સ્ટે નહીં પરંતુ માતાની પોતાની અસંમતિ મુખ્ય કારણ છે.

## ભાજપ કાર્યાલયમાં ખજાનચી અને કાર્યકરો વચ્ચે લાફાવાળી



ભાજપના ભવાડા આ વર્ષે પણ જોવા મળ્યા હતાં. ભાજપ કાર્યાલયમાં જ કાર્યકર દિનેશ સાવલિયા અને ખજાનચી શૈલેષ જરીવાળા વચ્ચે બોલાચાલી બાદ ઝપાઝપી થઇ હતી. આ મામલે ભાજપના શિસ્તના લીરેલીરા ઉડ્યા હતા અને સમગ્ર પ્રકરણ પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યું હતું.

## હુરુન ઈન્ડિયામાં કે.પી. ગ્રુપના ફારૂક પટેલને પ્રથમ સ્થાન મળ્યું




હુરુન ઇન્ડિયા 2025ના રિચેસ્ટ લિસ્ટમાં કેપી ગ્રુપના ફારુક પટેલ સુરતમાં સૌથી ધનિક જાહેર થયા. સુરતના ટોપ-10 અમીરની યાદીમાં અશ્વિન દેસાઇ, નીરજ ચોક્સી, જયંતીભાઇ કબૂતરવાલા, ગોવિંદભાઇ ધોળકિયા, બાબુભાઇ વાઘાણણી હાર્દિક ડોડિયા, ચિરાગ નાકરાણી, સવજી ધોળકિયા અને આનંદ દેસાઇનો સમાવેશ.

## મધમાખીઓને કારણે ઈન્ડિગોની સુરત-જયપુર ફ્લાઈટ એક કલાક મોડી પડી

સુરત એરપોર્ટ પર ઈન્ડિગોની સુરત-જયપુર ફ્લાઈટ ટેકઓફ કરે તે પૂર્વે જ મધમાખીઓનું ઝૂંડ લગેજ એરિયા પાસે ચોંટી ગયું હતું. ધુમાડો કરી પાણીનો મારો ચલાવી મધમાખીઓને હટાવ્યા બાદ ફ્લાઈટ ટેકઓફ કરાઈ





## કોસાડમાંથી 1.20 કરોડનું નકલી ઘી ઝડપાયું

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે કોસાડ વિસ્તારમાંથી 1.20 કરોડનું નકલી ઘી ઝડપી પાડ્યું હતું. કુલ ચાર ફેક્ટરી અને ગોડાઉન પર કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસમાં ઘીમાં દૂધ નહીં માત્ર કેમિકલનો જ ઉપયોગ કરાતો હોવાનું બહાર આવ્યું હતું.

# સુરત એરપોર્ટની સાથે સાથે



## બેંગકોકથી આવેલી મહિલા પાસે 7 વેક્યુમ પેક્ડ ગાંજાનાં પેકેટ મળ્યાં

સુરત કસ્ટમ વિભાગના અધિકારીઓ તપાસમાં હતા તે દરમ્યાન બેંગકોકથી આવેલ એર ઈન્ડિયાની એક્સપ્રેસ ફ્લાઇટમાં એક મહિલા મુસાફરી શંકાસ્પદ વર્તણુંક લાગતા કસ્ટમ વિભાગ દ્વારા મહિલાની પૂછપરછ હાથ ધરી હતી. જે બાદ મહિલા સાથે રહેલ બેગની તપાસ હાથ ધરતા તેમાંથી 7 વેક્યુમ-પેક્ડ પારદર્શક પોલીથીન પેકેટ મળી આવ્યા હતા. જેમાં તપાસ કરવામાં આવતા શંકાસ્પદ લીલી રંગનો પદાર્થ મળી આવ્યો હતો. જે બાદ ફોરેન્સિકમાં તપાસ અર્થે મોકલતા હાઈડ્રોપોનિક ગાંજો હોવાનું સામે આવતા કસ્ટમ દ્વારા મહિલાની ધરપકડ કરવામાં આવી હતી.



## 28 કિલો સોનાની પેસ્ટ પકડાઇ

સુરત એરપોર્ટ પર તૈનાત સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF)ની વિજિલન્સ ટીમે સોનાની દાણચોરીનો મોટો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો છે. ટીમે દુબઈથી આવેલી એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટમાંથી ઉતરેલા બે મુસાફરો પાસેથી 28 કિલો સોનાની પેસ્ટ (જેમાંથી અંદાજે 23 કિલો શુદ્ધ સોનું હોવાનું મનાય છે) જપ્ત કરી



## બે શંકાસ્પદ ઇસમો પાસે 17 કિલો હાઇબ્રિડ ગાંજો મળ્યો

બે શંકાસ્પદ ઈસમો પાસેથી 17 કિલો અને 700 ગ્રામ જેટલો 'હાઈબ્રીડ ગાંજો' મળી આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જથ્થાની કિંમત અંદાજે 6 કરોડ હોવાનું મનાય છે. પોલીસે આ મામલે બે આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## 43 લાખના ડાયમંડ અને 6 લાખના યુએસ ડોલર ઝડપાયા

સુરત એરપોર્ટ ફરી એકવાર દાણચોરીના પ્રયાસને કારણે ચર્ચામાં આવ્યું છે. ગત મોડીરાત્રે સુરતથી બેંગકોક જતી એક ફ્લાઇટમાં મુસાફરી કરી રહેલા એક યુવાન પાસેથી કસ્ટમ વિભાગે રૂ. 43 લાખના પોલિશ્ડ ડાયમંડ અને રૂ. 6 લાખના યુએસ ડોલર સહિત કુલ આશરે રૂ. 49 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.આ ઘટના ત્યારે બની જ્યારે થોડા સમય પહેલાં જ સુરત એરપોર્ટ પરથી ચાંદીનો જથ્થો ઝડપાયો હતો. કસ્ટમ વિભાગને મળેલી ચોક્કસ ગુપ્ત માહિતી (ઇનપુટ) ના આધારે અધિકારીઓએ ઓપરેશન હાથ ધર્યું હતું.

